સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લી.

બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સર્વે નં. 185, એચ.કે. આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નહેરુબ્રીજ ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯.

ફોન નં.-૦૭૯-૨૬૫૮૦૪૩૦ E-Mail:-office@srfdcl.com


## ટેન્ડર નોટીસ

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફે ઉસ્માનપુરા ગાર્ડનમાં કુલ ૨(બે) શોપ્સઆવેલ છે. આ શોપ્સની જગ્યા પેકેઝડ ફૂડ બેવરેજીસ જેવા લીમીટેડ ઉપયોગ માટે ધંધો કરવા સારૂ ભાડેથી મેળવવા અંગેની સુવર્ણ તક છે. આ અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટwww.ahmedabadcity.gov.in અને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com પરથી ડાઉનલોડ કરી શકશે. તેમાં સંપૂર્ણ માહીતી ભરીને ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તા.૧૬/૦૧/૨૦૨૫, સાંજે ૫.૩૦ ક્લાક સુધી રાખવામાં આવેલ છે.

તા. : ૨૦ /૧૨/૨૦૨૪

એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર
સા.રી.ફ્રા.ડે.કો.લી.

| આ ફોર્મ ભરી નીચેના સ્થળે તથા સમયે પરત કરવું |
|---|
| **સ્થાન**: બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સર્વે નં. 185, એચ.કે. આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નહેરુબ્રીજ ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯. |
| **ફોન નં.**- ૦૭૯-૨૬૫૮૦૪૩૦ **E-Mail:**- office@srfdcl.com |

| **ટેન્ડર ફોર્મ** |
|---|
| શોપ્સ નં :<br>(જે શોપ્સ ભાડેથી મેળવવા માંગતા હોય તેનો નંબર લખવો.) |
| **૧. અરજદારની વિગત** |
| અરજદાર વ્યક્તિ/ સંસ્થાનું પુરૂ નામ : |

| **અટક** | **નામ** | **પિતા/ પતિનું નામ** |
|---|---|---|
| | | |

| | | | |
|---|---|---|---|
| મોબાઇલ નં. | | ઇ-મેઈલ: | |
| ફોન નં. (ઘર) | | ફોન નં. (ઓફીસ): | |

| |
|---|
| સરનામું (હાલનું): |
| સરનામું (કાયમી): |
| સરનામું (પત્ર વ્યહવાર માટેનું): |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

## ૨. અરજદારનું નિવેદન:

હું / અમે નામ:..........................................................................હોદ્દો:................................................ જણાવીએ છીએ કે, અમો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ ઉસ્માનપુરા ગાર્ડનમાં આવેલ શોપ્સની જગ્યા લાઇસન્સ પેટે મેળવવામાં રસ ધરાવીએ છીએ. આ માટેના તમામ કામો માટે અમારી ગેરહાજરી વખતે અમારા નીચે જણાવેલ અધિકૃત પ્રતિનીધી/ભાગીદાર બંધારણીય રીતે હાજર રહી કાર્યવાહીમાં ભાગ લઇ શકે તે માટે અધિકૃત કરીએ છીએ. તેઓએ ટેન્ડર ખોલતી વખતે અને હરાજી વખતે અને જ્યારે પણ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. જણાવે ત્યારે પોતાની ઓળખની સાબિતી આપતા મૂળ પુરાવા (Original ID Proof) રજૂ કરવાના રહેશે.

| 3.**અધિકૃત પ્રતિનીધીની વિગતો**: | | | |
|---|---|---|---|
| નામ: | | | |
| સરનામું: | | | |
| મોબાઇલ ન. | | ઇ-મેઇલ | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

૪. હું એ જાણું છું/અમે એ જાણીએ છીએ કે લઘુતમ માસિક ભાડાની રકમ કરતાં નીચેની રકમથી ભરેલ ટેન્ડર આપોઆપ રદ બાતલ થયેલું ગણાશે તેની મને/અમોને સ્પષ્ટતા હોઇ હું/અમો નીચે જણાવેલ શોપ્સ નં:........... માટે નીચે મુજબની ઓફર આપું છું/આપીએ છીએ.

**(નોંધ: અરજદાર એક ટેન્ડર ફોર્મ દ્વારા એક જ શોપ્સ માટે ઓફર આપી શકશે. એક જ ટેન્ડર ફોર્મથી એક કરતા વધારે શોપ્સ માટે ઓફર આપેલ હશે તો તેઓનું ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે. જેથી નીચે ટેબલમાં દર્શાવેલ બે (૨) શોપ્સ પૈકી એકજ શોપ્સ ની વિગતો ટેબલમાં ભરવી અને બીજી શોપ્સની વિગતો ન ભરવી અથવા બીજી શોપ્સ માટે અલગથી ટેન્ડર ભરવું)**

| લોકેશનની વિગત | શોપ્સ નં. | લઘુતમ માસિક ભાડાની રકમ (રૂપિયામાં) | શોપ્સ માટે માસિક લાઈસન્સ(ભાડાની રકમ) ફીની રકમની ઓફર (રૂપિયામાં) | |
|---|---|---|---|---|
| | | | અંકોમાં | શબ્દોમાં |
| સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ ઉસ્માનપુરા ગાર્ડનમાં આવેલ 2 શોપ્સ | ૧ | **લઘુતમ માસિક લાઈસન્સ (ભાડાની રકમ) ફી ની રકમ** રૂ.૨૮,૫૦૦/- (અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર પાંચસો પુરા) | | |
| | ૨ | | | |

**(નોધ: ટેન્ડરના કવર નં.૨ માં આ પાનાની જરૂરી વિગતો ભરીને મૂકવું)**

**નોંધ : (૧) ટેન્ડર ભરનાર વ્યકિતએ આ પાનામાં રૂપિયા ૧૦૦-/ ના ગુણાંકમાં પોતાની ઓફર લખવાની રહેશે.**

**(૨)હરાજિ વખતે રૂ.૫૦૦/- ના ગુણાંકમાં બોલી બોલવાની રહેશે.**

**(૩)એકજ અરજદાર દ્વારા બન્ને શોપ્સ માટે અરજી કરતા સમયે બે અલગ અલગ ટેન્ડર સબમીટ કરવાના રહેશે.**

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

૫. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા ......................................................................
(લોકેશન તથા શોપ નંબર ની વિગત)

ફુડકોર્ટ/ શોપની વિગતો:

| **<u>અગત્યની સૂચના</u> : નીચે પૈકી જે શોપ્સ માટે આપ ટેન્ડર ભરી રહ્યા છો તે એક શોપ્સ પાનાં નં.૪ માં ભરવી** | | | |
|---|---|---|---|
| **અ.નં.** | **લોકેશન** | **શોપ્સ નં.** | **કાર્પેટ એરીયા (ચો.મી. માં)** |
| 1 | સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ ઉસ્માનપુરા ગાર્ડનમાં આવેલ 2 શોપ્સ | ૧ | ૯ |
| 2 | | ૨ | ૯ |

૬. હું / અમે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફે શોપ્સ ભાડેથી મેળવવા માટે **ટેન્ડર ફી રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) (Non Refundable)** તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)** તરીકે **રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)** ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવી રહયા છીએ તેની વિગતો નીચે મુજબ છે.

| નાણાની વિગત | ડિમાન્ડ ડ્રાફટ ની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|
| | નંબર | તારીખ | બેંકનુંનામ | શાખા | રકમ અંકમાં(રૂ.) | રકમ શબ્દોમાં (રૂ) |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** | | | | | | |
| ટેન્ડર ફી | | | | | | |

**<u>નોંધ</u>:** ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** ની રકમ RTGS/NEFT થી જમા કરાવી શકાશે નહી.

૭. મે/અમોએ ઓકશનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવશે તો, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા જાણ કરવામાં આવ્યેથી હું/અમે ત્રણ માસના ભાડા જેટલી રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે અને એક માસનું એડવાન્સ ભાડુ તથા મેન્ટેનન્સ, જી.એસ.ટી.સાથે દિન-૧૫ (પંદર)માં ડિમાન્ડ ડ્રાફટથી અથવા યોગ્ય ઇલેકટ્રોનીક મોડ થી ટ્રાન્સફર કરાવીને જમા કરાવવા બંધાયેલ છીએ. ત્યારબાદ જ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ની સક્ષમ સત્તા દ્વારા મને/અમોને ફાળવણી હુકમ આપવામાં આવશે તે અમો જણાવીએ છીએ.

૮. અમારી ઓફર સ્વીકારવામાં આવશે નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)**રકમ દિન-૬૦(સાઇઠ)માં વગર વ્યાજે મને/અમોને મળશે અને જો હું/અમોએ આપેલ ઓફર સ્વીકારવામાં આવશે તો, ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સીકયોરીટી ડીપોઝીટની રકમમાં મજરે આપવામાં આવશે.

૯. હું/અમોએ આપેલ કોઇપણ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી ગણાશે અને જે બાબતે અમો કોઇ પણ પ્રકારનું લીટીગેશન/તકરાર કરીશું નહી.

૧૦. મારી/અમારી ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવે અને હું/અમે ઓફર મુજબની તથા અન્ય જે ડીપોઝીટ/રકમ નિયત સમય મર્યાદામાં ભરપાઇ કરી શકીએ નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)** સહિતની ઉક્ત તમામ ભરેલી રકમ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૧. ફુડકોર્ટ ના લાઇસન્સ બાબતે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે નિર્ણય અને શરતો નક્કી થશે તે માટે હું/અમે બંધાયેલા છીએ.

૧૨. આથી હું/અમે જાહેર કરીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની માહિતી સંપૂર્ણ સાચી અને ખરી છે અને આકસ્મિક રીતે અથવા કોઇ અન્ય રીતે માહિતી રજૂ કરવામાં ખામી રહી ગઈ હોય અથવા અધુરી વિગત માલૂમ પડે તો સ્વીકારેલ ઓફર/ભાડાપટ્ટે ફાળવણી કરેલ ફુડકોર્ટસ રદ કરવા / પરત લેવા માટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા જે નિર્ણય લેશે તે મને/અમોને બંધનકર્તા રહેશે.

૧૩. હું/અમો અહી જાહેર કરીએ છીએ કે મે/અમોએ સૂચિત ભાડાપટ્ટે ફાળવવાની થતી શોપ્સ અંગેના નિયમો વાંચ્યા અને સમજ્યા છે. સદર ફુડકોર્ટસની જાહેરાત મુજબની તમામ વિગતોનો અભ્યાસ કરેલ છે. મે/અમોએ ઉપરોક્ત પૈકી ૧ થી ૩ વાળી રજૂ કરેલ વિગતો સંપૂર્ણ સત્ય છે. હું/અમો ઉપરોક્ત ૪ મુજબની ઓફર આપીએ છીએ, ઉપરોક્ત ૭ મુજબ અર્નેસ્ટ મની ડીપોઝીટ તથા ટેન્ડર ફી ફોર્મ ફીના નાણાં જમા કરાવી રહયા છીએ અને ઉપરોક્ત પૈકી ૮ થી ૧૩ સુપેરે વાંચીને સમજેલ છે અને અમોને તે સ્વીકાર્ય હોઇ તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ, જે અમો સોગંદપૂર્વક જાહેર કરીએ છીએ.

| અરજદારનું પુરૂ નામ | સહી અને તારીખ | સંસ્થાનો/હોદ્દાનો સિક્કો |
|---|---|---|
| | | |

**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફે ઉસમાનપુરા ગાર્ડનમાં આવેલ કુલ ૨ (બે)ફૂડ કોર્ટશોપ/ લાયસન્સથી ભાડેથી આપવા માટેની માહિતી તથા શરતો.**

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફે ઉસમાનપુરા ગાર્ડનમાં આવેલ કુલ ૨ (બે) ફૂડ કોર્ટ શોપ્સ ત્રણ વર્ષ માટે નીચેની શરતોએ આપવાની છે.

૧. જાહેરાતમાં જણાવેલ **શોપ 3 (ત્રણ)** વર્ષના લાયસન્સથી લેવા માટે રસ ધરાવનાર વ્યક્તિ/સંસ્થાએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com અને અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in પરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

૧ (અ) ટેન્ડરની Pre-Bid Meeting નું આયોજન તા.0૧.0૧.૨0૨૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, પૂજય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે રાખવામાં આવશે. Pre-Bid Meeting ના અનુસંધાને મળેલ સૂચનો અન્વયે કરેલ સુધારા તા૦૮.0૧.૨0૨૫ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com પર સુધારા પબ્લીશ કરવામાં આવશે જે સુધારા ટેન્ડરમાં આમેજ ગણવાના રહેશે.

૨. ભરેલ ટેન્ડર ફોર્મ મોટા સીલ બંધ કવરમાં **તા. ૧૬.0૧.૨0૨૫ ના રોજ સાંજે ૫.૩૦ કલાક** સુધીમાં બીજો માળ,રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ .કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજનીવચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯, ખાતે જમા કરાવવાના રહેશે.

૩. ટેન્ડર **તા. ૧૭ .0૧.૨0૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની** વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯ હાજર રહેલ ઓફરર્સ ની સમક્ષ ખોલવામાં આવશે.

૪. ટેન્ડરમાં ભાગ લેનાર તમામ પાર્ટીઓએ નદીની પશ્ચિમ તરફ ઉસ્માનપુરા ગાર્ડનમાં શોપ્સ ભાડેથી મેળવવા પ્રતિ શોપ દિઠ રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) (Non Refundable) ટેન્ડર ફી અને રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ પેયેબલ અમદાવાદ બનાવી જમા કરાવવાનો રહેશે.

૫. ટેન્ડર ફોર્મ સીલ બંધ મોટા કવરમાં જમા કરાવવા તેના પર વ્યકિત/સંસ્થાનું નામ, સરનામું લખવા. આ મોટા કવરની અંદર કવરનં. ૧ અને કવર નં. ૨ મુકવાના રહેશે.

**એ**. **<u>કવર નં. (૧)</u>** ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ(**EMD**) અને ટેન્ડર ડોકયુમેન્ટ

- આ કવરની ઉપર "**<u>ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) અને ટેન્ડર ડોકયુમેન્ટ</u>**" એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. ટેન્ડર ડોકયુમેન્ટના પાના નં.૪ સિવાયના તમામ પાનાઓમાં જયાં પણ જરૂરી વિગતો ભરવાની છે તે વિગતોભરી દરેક પાના પર ટેન્ડર ભરનારે સહી સીકકા કરી મુકવા. ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (**EMD**) ના ડીમાન્ડડ્રાફટ આ કવરમાં મુકવાના રહેશે.

**<u>કવર નં. (૨)</u>** પ્રાઈસ બીડ

- આ કવર ઉપર ઓફરરે "**<u>પ્રાઇસ બીડ</u>**" તેમ સ્પષ્ટ રીતે લખી સીલ કરવાનું રહેશે. ટેન્ડર ભરનારે ટેન્ડર ડોક્યુમેન્ટનું પાના નં. ૪ (પ્રાઇસ બીડ) વાળૂ પેજ જ સહી સીકકા કરી કવરમાં મુકવાનું રહેશે.

(**નોંધ** : ટેન્ડર ભરનાર વ્યકિતએ આ પાનામાં રૂપિયા **૧૦૦**/- ના ગુણાંક્માં પોતાની ઓફર લખવાની રહેશે.)

૬. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ(**EMD**) વિનાનું કે અધુરી વિગતોવાળું ટેન્ડર રદબાતલ ગણાશે.

૭. લાઇસન્સની ૩(ત્રણ) વર્ષની મુદ્દત પૂર્ણ થયા બાદ સક્ષમસત્તા દ્વારા નિર્ણય થયેથી વધુમાં વધુ એક વર્ષ વધારવામાં આવશે. જેમાં લાઇસન્સીએ ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ ચોથા વર્ષ માટે અરજી કરવાની રહેશે. લાઇસન્સીની અરજી માન્યરાખવી કે નહી તે અંગેની સત્તા સા.રી.ફ્ર.ડે.કો.લી.ની રહેશે. આ અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જે નિર્ણય લેશે તે લાઇસન્સીને બંધનકર્તા રહેશે.

૮. ઓફરદારે અરજી ફોર્મ સાથે જ્યાં જ્યાં ડીમાન્ડ ડ્રાફટનો ઉલ્લેખ છે તે તમામ ડીમાન્ડ ડ્રાફટ <u>સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ</u> ના નામનો રજૂ કરવાનો રહેશે અન્યથા ટેન્ડર આપોઆપ રદ થયેલ ગણાશે.

૯. જેની ઓક્શન (હરાજી) માં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેવા ઓફરદારને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કોઇપણ કારણસર ફુડકોર્ટની જગ્યા ભાડાપટ્ટે આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદભવે ત્યારે સિક્યોરીટી ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૧૦. ટેન્ડર ભરનારે સાઇટ, લોકેશન, યુટીલીટી, કન્ડીશન વિગેરેની જાત તપાસ કરી પોતાની જાતને અવગત કરી લેવાની રહેશે. આવી કોઇ પણ બાબતમાં કોઇ પણ ઓફરર્સનું કોઇ પણ પ્રકારનું ઓબ્જેકશન માન્ય રાખવામાં આવશે નહી.

૧૧. લાઇસન્સી શોપ્સની હયાત સ્થળસ્થિતિમાં સા.રી.ફ.ડે.કો.લી.ની લેખિત મંજુરી વિના કોઇપણ પ્રકારનો હંગામી કે કાયમી ફેરફાર કરી શકાશે નહી.

૧૨. લાઇસન્સીએ શોપનો ઉપયોગ પેકેઝ્ડ ફૂડ બેવરેજીસ જેવા લીમીટેડ વસ્તુઓના વેચાણ તરીકે કરવાનો રહેશે તથા લાઇસન્સી આગળની ખુલ્લી જગ્યામાં અન્ય કોઇ સામાન મુકી શકશે નહી.

૧૩. લાઇસન્સીએ ડસ્ટબીનની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશ, શોપની આજુબાજુ નિયમીત સફાઇ કરવાની રહેશે, અગ્નિશામક સામગ્રીની વ્યવસ્થા સ્વખર્ચે અચુકપણે કરવાની રહેશે. ધંધા સાથે જોડાયેલ હોય તેવા જરૂરી તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી લાયસન્સ/મંજુરી/એન.ઓ.સી વિગેરે સ્વખર્ચે લેવાના રહેશે તથા તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી વેરા ભરવાના રહેશે.

૧૪. શોપના ઉપયોગ દરમ્યાન કોઇ પણ કુદરતી અથવા કૃત્રિમ કારણોસર જાનમાલનું નુક્શાન થશે તો તેની જવાબદારી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની રહેશે નહીં તથા નુક્શાની અંગેનો કોઇપણ દાવો/તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહીં.

૧૫. અન્ય સરકારી/અર્ધ સરકારી કચેરીઓના કાયદા હેઠળ જરુરી હોય તેવી પરવાનગી તથા લાયસન્સ લેવાના હોય તે શોપ ભાડાપટ્ટે લેનાર વ્યક્તિ/સંસ્થા એ લેવાના રહેશે. જાહેર આરોગ્ય, સલામતિ અને વ્યવસ્થાને લગતી સંબંધિત સત્તાની શરતો અને આદેશોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. હરાજીની પ્રક્રિયામાં જે ઓફરદાર ની ઓફર સ્વીકારવામાં આવે તેણે માસિક લાયસન્સ ફી ઉપરાંત તેના પર લાગુ પડતો જી.એસ.ટી. તથા માસિક મેન્ટેનન્સ ચાર્જ રૂ.૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા) અને તેના પર લાગુ પડતો જી.એસ.ટી. અલગથી ભરવાનો રહેશે.

૧૭. દર વર્ષે માસિક લાઇસન્સ ફીની રકમમાં તથા મેન્ટેનન્સ ચાર્જમાં અગાઉના વર્ષમાં ભરેલ માસિક લાઇસન્સ ફીની રકમ તથા મેન્ટેનન્સ ચાર્જમાં **૫% નો વધારો** કરવાનો રહેશે. તેમજ તે બન્ને પર લાગુ પડતો જી.એસ.ટી.અલગથી ભરવાનો રહેશે.

૧૮. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવશે, તેણે ત્રણ માસના ભાડા જેટલી રકમ સીક્યોરીટી ડીપોઝીટ પેટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશ લીમીટેડમાં દિન-૧૫ માં જમા કરાવવાની રહેશે. જેમાં અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ મજરે આપવામાં આવશે. નિયત સમયમાં સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરપાઇ નહી કરવામાં આવેતો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી માસિક ભાડાના હિસાબ પેટે બાકી રહેતી રકમ તથા જગ્યામાં થયેલ નુક્શાન જો કોઇ હોય તો તે તથા અન્ય જે કોઇ લેણાં હોય તે બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૧૯. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવે તેણે ઇલેક્ટ્રીક ચાર્જીસ ડીપોઝીટ પેટે રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશ લીમીટેડમાં દિન-૧૫ માં જમા કરાવવાના રહેશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે

ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી ઇલેક્ટ્રીક બીલના હિસાબ પેટે બાકી રહેતી રકમ બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૨૦. જે વ્યક્તિ/સંસ્થાને ટેન્ડર મળે તેને શોપ્સ/ શોપ ઓપરેશનલાઇઝ કરવા માટે એલ.ઓ.એ. આપ્યાની તારીખથી **૧ માસનો** મોરેટોરીયમ પીરીયડ આપવામાં આવશે. જો એક માસનો મોરેટોરીયમ પીરીયડ પત્યા અગાઉ શોપ્સ/શોપ ઓપરેશનલાઇઝ કરવામાં આવશે તો તે તારીખથી **અથવા મોરેટોરીયમ પીરીયડની સમયમર્યાદા પૂર્ણ થયેથી જે વહેલુ હોય ત્યારથી** લાઇસન્સ ફી ના નાણાં વસુલ લેવામાં આવશે.

૨૧. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેઓ દ્વારા **૩ વર્ષ પહેલા** જો શોપનું પઝેશન પરત કરવામાં આવશે તો તેવા કિસ્સામાં સીક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૨૨. જેઓની ઓફર સ્વીકારમાં આવશે નહી તેઓને અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સત્તા દ્વારા ટેન્ડર બાબતે અંતિમ નિર્ણય લેવાયેથી દિન-૬૦(સાઈઠ)માં વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૨૩. લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે ત્રણ વર્ષ ની માસિક લાઇસન્સ ફી પેટેના કુલ ૩૬ પોસ્ટ ડેટેડ ચેક જમા કરાવવાના રહેશે. લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે જમા કરાવેલ પોસ્ટ ડેટેડ ચેકમાંથી લાગુ પડતા માસનો ચેક લાઇસન્સર દર મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન લાઇસન્સ ફી પેટે બેંકમાં ડીપોઝીટ કરશે. આ પોસ્ટ ડેટેડ ચેક જમા ન કરાવવા અંગે અથવા હોલ્ડ પર રાખવા અંગેની લાયસન્સીની કોઇ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

**અથવા**

માસિક લાઇસન્સ ફી પ્લસ લાગુ પડતો જી.એસ.ટીઅને મેઇન્ટેનન્સ ચાર્જ પ્લસ લાગુ પડતો જી.એસ.ટી લાઇસન્સરની સુચનાઓ અનુસાર, યોગ્ય ઇલેક્ટ્રોનીક મોડ દ્વારા ચુકવવાની રહેશે. લાઇસન્સ ફી તથા મેઇન્ટેનન્સ ચાર્જ પ્લસ લાગુ પડતો જી.એસ.ટી દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન જમા કરાવવાનો રહેશે.

જો કોઇ કારણસર ચેક બાઉન્સ થશે કે લાઇસન્સી દ્વારા દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન ઇલેક્ટ્રોનીક મોડ દ્વારા લાઇસન્સ ફી ચુકવવામાં નહી આવે તો તે અંગે લાઇસન્સી સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે અને લાઇસન્સર દ્વારા લાઇસન્સીને દિન-૧૫ (પંદર) માં નોટીસ આપી સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી, ફુડકોર્ટ ખાલી કરાવી ફુડકોર્ટમાં રહેલ સમાન પણ જપ્ત કરી તેમજ સદરહુ સામાનનો નિકાલ નિયત ધોરણે કરી સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા કબજો પરત મેળવી લેવામાં આવશે.

૨૪. શોપ્સનો ઉપયોગ નોન વેજ ફુડ, ઇંડાની વાનગી, તંબાકુ કે તેના ઉત્પાદનો અથવા પ્રતિબંધીત વસ્તુઓ વેચવા કરી શકાશે નહી. આમ થતુ ધ્યાને આવશે તો શરતોના ભંગ બદલ ભાડાપટ્ટાનો અંત લાવવામાં આવશે અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૫. શોપ્સ ના ઓપરેશનલ અવર્સ સાબરમતી રીવરકફ્રન્ટના ઓપરેશનલ શીડયુલ મુજબ રહેશે તથા પોલીસ ખાતાના, એ.એમ.સી. ના , રાજ્ય/કેન્દ્ર સરકાર, ના વખતો વખતના અમલી નિયમો મુજબ વર્તવાનું રહેશે.

૨૬. લાઇસન્સીએ થર્ડ પાર્ટી કોમ્પ્રીહેન્સીવ ઇન્સ્યોરન્સ લેવાનો રહેશે અને તેની નકલ SRFDCL ને આપવાની રહેશે.

૨૭. લાઇસન્સીએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન, એ.એમ.સી., રાજ્ય/કેન્દ્ર સરકાર, લાગુ પડતી ઓથોરીટી દ્વારા વખતો વખત મળતી સૂચના તથા નિયમોનું પાલન કરવાનું રહેશે.

૨૮. લાઇસન્સીએ લાયસન્સર સાથે શોપ્સ ઓપરેશનલાઇઝ કરતા અગાઉ લાઇસન્સ એગ્રીમેન્ટ કરવાનો રહેશે. જે અંગેનો તમામ ખર્ચ લાઇસન્સીએ ભોગવવાનો રહેશે.

૨૯. લાઇસન્સી દ્વારા ઉપર મુજબની શરતોનો ભંગ કરવામાં આવશે અથવા જાહેર સ્થળની આ શોપનો ઉપયોગ વિવાદાસ્પદ જણાશે તો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા લાઇસન્સીને દિન : ૧૫ (પંદર) ની નોટીસ આપી શોપ ખાલી કરાવી કબજો પરત મેળવી લેવામાં આવશે. આ બાબતે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ નો નિર્ણય આખરી ગણાશે.

૩૦. કોઇ પણ કાયદાના ઉલંઘન બદલ અન્ય સરકારી કે અર્ધ સરકારી સંસ્થા દ્વારા શોપ ભાડે રાખનાર કે તેના કર્મચારી વિરુધ્ધ કોઇ પણ જાતની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તો તેની જવાબદારી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની રહેશે નહી.

૩૧. આ જગ્યાનો નિકાલ " જયાં છે અને જેમ છે " તે ધોરણે કરવામાં આવશે.

૩૨. કોઇ પણ ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તે અંગેની સત્તા સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની રહેશે.

૩૩. ઉપરોકત સિવાય અન્ય કોઇપણ બાબતો / વિવાદ અથવા અન્ય ઉપરોકત સંદર્ભોમાં અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી ગણાશે.

૩૪. લાઇસન્સી પાસેથી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જયારે પણ તેમની કાયદેસરતા / અધિકૃતતા / નોંધણી માટેના દસ્તાવેજોની માંગણી કરે ત્યારે લાઇસન્સીએ તે ચોકકસપણે પૂરા પાડવાના રહેશે. તેમ ન થયેથી ફાળવણી સંદર્ભે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે કોઇ નિર્ણય લેવામાં આવે તે શોપ્સ ભાડાપટ્ટે લેનારને બાધ્ય રહેશે.

૩૫. ટેન્ડર ખોલવાની તથા હરાજીની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન અરજદાર અથવા અરજદાર દ્વારા ટેન્ડર ફોર્મમાં પાના નં. ૩ પર મુદ્દા નં.૩ માં જણાવેલ વિગત મુજબ અધિકૃત કરવામાં આવેલ વ્યકિતએ સુવાચ્ય એવા સરકાર માન્ય ઓળખપત્ર

સહિત ફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે તે સિવાયની કોઇપણ વ્યકિત ટેન્ડર ખોલવાની કે હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે માન્ય ગણાશે નહી.

૩૬.જે ઓફરદારનું ટેન્ડર માન્ય રહેશે, તે જ ઓફરદાર હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજીમાં અરજદાર/અરજદાર દ્વારા અધિકૃત કરવામાં આવનાર વ્યકિત જ બોલી બોલી શકશે. જે તે શોપ્સ માટે ટેન્ડર ફોર્મમાં મહત્તમ મળેલ ઓફર કિંમતથી બોલી શરૂ કરવામાં આવશે. હરાજીમાં ભાગ લેનારે **રૂ. ૫૦૦/- ના ગુણાંકમાં** બોલી બોલવાની રહેશે. ઊંચી બોલી બોલનાર માંગણીદારની હરાજી આખરી કરતી વખતે, જે તે શોપ્સની જગ્યા માટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ને મળેલ સૌથી ઊંચી બોલીની કિંમતે સ્વીકાર કરવો કે કેમ? તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડ પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

આ ઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોને આધીન હરાજી કરવામાં આવશે.

- હરાજી વખતે હરાજીમાં ભાગ લેનાર વ્યકિત કે તેમના પ્રતિનિધિ દ્વારા જો કોઇ અઘટિત વર્તન કરવામાં આવશે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને હરાજીમાં તેમને ભાગ લેવા દેવામાં આવશે નહી.
- સા.રી.ફ્ર.ડે.કો.લી. કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઇપણ તબક્કે શોપ (જગ્યા)ની હરાજી ની કાર્યવાહી પાછી ખેંચી શકશે/સ્થગિત કરી શકશે.
- કોઇપણ એક કે તમામ શોપની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી, તેં સંબંધી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૩૭. ટેન્ડર/હરાજીમાં સફળ થનાર વ્યકિત/સંસ્થા દ્વારા ટેન્ડર, એલ.ઓ.એ. તથા ડ્રાફ્ટ લાઇસન્સ એગ્રીમેન્ટની શરતો પૈકીની કોઇ પણ શરતનો ભંગ કરવામાં આવશે તો ફાળવણી રદ કરી સીક્યોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે અને તે નાણાં પરત મેળવવા માટે વ્યક્તિ/સંસ્થા કોઇ પણ પ્રકારના હકક-દાવો/ફરિયાદ કરી શકશે નહી.

૩૮. લાઇસન્સીએ મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષ, લાઇટ બીલ, પ્રોફેશનલ ટેક્ષ, પોતે ભરવાના રહેશે અને તે રીસીપ્ટની નકલ અત્રે (સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની કચેરીમાં )સમયાંતરે જમા કરાવવાની રહેશે.

૩૯. રસ્તા પરથી આવતાં જતાં માણસોને આ જગ્યા પર શોપ આવેલ છે તે ખબર પડે તે માટે શોપ દીઠ એક જાહેરાતનું બોર્ડ ધાબા પર સ્ટ્રકચરલ ચેન્જીસ કર્યા સિવાય અત્રેના વિભાગની સૂચના મુજબ મુકી શકાશે.

૪૦. જરૂરિયાતના સંજોગોમાં સા.રી.ફ્ર.ડે.કો.લી. એક માસની નોટીસ આપી લાઇસન્સી પાસેથી શોપનો કબજો પરત લઇ શકશે. આ સંદર્ભે સા.રી.ફ્ર.ડે.કો.લી. કોઇ પણ કારણ આપવા બંધાયેલ નથી.

૪૧. લાઇસન્સીએ લાઇસન્સ એગ્રીમેન્ટની શરતો ઉપરાંત ટેન્ડર તથા એલ.ઓ.એ.ની પણ તમામ શરતો નું પાલન કરવાનું રહેશે.

૪૨. લાઇસન્સીએ શોપ્સ કોવીડ-૧૯ ની માર્ગદર્શિકા તદઉપરાંત કોઇ પણ સરકારી, અર્ધસરકારી, એ.એમ.સી.ની માર્ગદર્શિકા, નિયમ/સૂચના મુજબ સ્વચ્છ સ્થિતિમાં રાખવાની રહેશે.

૪૩. લાયસન્સીએ રજીસ્ટર્ડ લાઇસન્સ એગ્રીમેન્ટ એલ.ઓ.એ. આપ્યાની તારીખથી ૧ માસમાં અથવા શોપ ઓપરેશનલાઇઝ કરતા પેહેલા, જે વહેલું હોય, કરવાનો રહેશે.

૪૪. લાયસન્સીએ શોપ, આ ટેન્ડર માં જણાવેલ થયેલ હેતુ સિવાય ના કોઇ પણ અન્ય હેતુ માટે વાપરી શકશે નહિ.

૪૫.**ફોર્સ મેજ્યુર**:

ફોર્સ મેજેઅરને કારણે, કોઇપણ પક્ષ અન્ય પક્ષ માટે જવાબદાર રહેશે નહીં અથવા વિલંબ અથવા નિષ્ફળતા હોય તો, કરારના સંબંધમાં તેની પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવામાં કોઇપણ વિલંબ અથવા પૂર્ણ કરવામાં કોઇપણ નિષ્ફળતાને કારણે કરારનું ઉલ્લંઘન કરતું હોવાનું માનવામાં આવશે નહીં.

કરારના હેતુ માટે, "ફોર્સ મેજેર" એ ભગવાનના અધિનિયમને કારણે બનતી કોઈપણ ઘટના,યુધ્ધ, યુધ્ધ જેવી પરિસ્થિતિઓ, નાકાબંધી, પ્રતિબંધો, બળવો, સરકારી નિર્દેશો અને સંરક્ષણ અધિકારીઓ અથવા સરકારની અન્ય કોઈપણ એજન્સીઓની હસ્તક્ષેપ, આગ, પૂર, ભૂકંપ, રમખાણો, હડતાલ, તોફાન, જ્વાળામુખી ફાટી નીકળવો, ટાયફૂન, વાવાઝોડા, ભરતીના મોજા, ભૂસ્ખલન, વીજળીના વિસ્ફોટ, વાવંટોળ, ચક્રવાત, સુનામી, પ્લેગ અથવા અન્ય રોગચાળો અથવા રોગચાળો સંસર્ગનિષેધ, લોકડાઉન, વૈશ્વિક, રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક કટોકટી, યુધ્ધના કૃત્યો, આતંકવાદ અથવા તોડફોડના કૃત્યો, માળખા અને/અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિનાશ, ઊર્જાની લાંબી નિષ્ફળતા , મંજૂરીઓનું રદબાતલ, સરકાર દ્વારા આપવામાં આવેલ કોઈ વાંધો, સંમતિ, લાયસન્સ, કાયદામાં ફેરફાર, કાયદાકીય અને/અથવા સરકારી સત્તા દ્વારા કાર્યવાહી અને/અથવા હુકમ, જમીન અથવા તેના કોઇપણ ભાગનું સંપાદન, માંગણી અથવા નિકાલ, તૃતીય પક્ષની કાર્યવાહી અથવા સરકારી અથવા અન્ય સત્તા અથવા કમિશન અથવા બાદબાકી અથવા તેના દ્વારા અસરગ્રસ્ત પક્ષના નિયંત્રણની બહારનું કોઈ અન્ય કાર્ય.

બંને પક્ષો આ કરારની શરતો અને નિયમોનું પાલન કરવાના ઉદ્દેશ્ય સાથે તમામ વ્યાજબી સાવચેતીઓ અને વ્યાજબી વૈકલ્પિક પગલાં લેશે.

જો ફોર્સ મેજરને કારણે કરવું અશક્ય અથવા અવ્યવહારુ બને તો કોઈપણ પક્ષ કરારને સમાપ્ત કરી શકે છે;

**અથવા**

કોઈપણ સમયગાળો કે જેમાં પક્ષકાર, આ કરાર અનુસાર, કોઈપણ ક્રિયા અથવા કાર્ય પૂર્ણ કરી શકે, તે સમયગાળાની સમાન સમયગાળા માટે લંબાવી શકાય છે જે દરમિયાન આ ભાગ ફોર્સ મેજેઅરના પરિણામે આવી ક્રિયા કરવામાં અસમર્થ હતો. આ સંદર્ભમાં, SRFDCLનો નિર્ણય અંતિમ માનવામાં આવશે

૪૬. લાયસન્સીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના કોઇપણ અધિકારીને કોઇપણ રીતે પ્રલોભિત કરવામાં સામેલ જણાશે તો તેવા ઓફરદાર ને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ભવિષ્ય નાં બધા ટેન્ડર માં ભાગ લેવામાં બેન કરવામાં આવશે.

૪૭. ઓફરદાર એન્ટી બ્લેકલિસ્ટિંગ અને ભ્રષ્ટ અને કપટપૂર્ણ વ્યવહારો માટે અયોગ્યતાની ઘોષણા હેઠળ ન હોવા જોઇએ.

૪૮. લાયસન્સી એ ખાતરી કરવાની રેહશે કે શોપ માં આપવામાં આવતો ખોરાક અને પીણાં આરોગ્યપ્રદ હોય અને જરૂરી પ્રમાણપત્રો/જવાબદારીઓ સાથે શ્રેષ્ઠ ઉધોગ ધોરણો અનુસાર હોય. SRFDCL/AMC/કોઈપણ સંબંધિત

સત્તાધિકારીને સમયાંતરે ખોરાક અને પીણાની ગુણવત્તાનું નિરીક્ષણ કરવા માટે શોપમાં પ્રવેશ કરી શકશે. લાયસન્સીએ શોપના સંચાલન માટે તમામ જરૂરી મંજૂરીઓ મેળવવાની રેહશે.

૪૯. લાયસન્સી દ્વારા શોપ માં જાણીતી બ્રાન્ડની વસ્તુઓ નું વેચાણ આવકાર્ય છે.

૫૦ .લાયસન્સીએ પ્રોપર્ટી ટેક્ષ દર વર્ષે ચોકક્સપણે ભરવાનો રહેશે અરજદાર જો પહેલા વર્ષે .પ્રોપર્ટી ટેક્ષ ભરવામાં ચુક કરશે તો તેની સીકયુરીટી ડીપોઝીટ ની રકમમાંથી આ રકમ એડઝસ્ટ કરવામાં આવશે તથા એડઝસ્ટ રકમ દીન ૧૫ માં ફરજીયાત જમાં કરવાની રહેશે જેથી સીકયુરીટી ડીપોઝીટ ની કુલ રકમ ૩ મહીના ના ભાડા પ્રમાણે યથાવત રહેશે , આવી ભુલ બીજા વર્ષે પણ થશે તો તાત્કાલીક અસર થી લાયસન્સ રદ કરવામાં આવશે તથા સીકયુરીટી ડીપોઝીટ અને તમામ પ્રકારના નાણા જપ્ત કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૫૧. શોપમાં કોઈપણ દુર્ભાગ્યપૂર્ણ ઘટના કે કોઇ પણ ખાદ્ય પદાર્થ ના લીધે કોઈ પણ વ્યકિત/જીવ ને નુકશાન થશે તો તે માટે માત્ર લાયસન્સી જવાબદાર રહેશે.

૫૨. સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા કોઇ પણ સંજોગોમાં માત્ર અને માત્ર લાયસન્સી સાથે કોરેસ્પોન્ડન્સ કરવામાં આવશે કોઇ પણ સબ લીસી સાથે કોરેસ્પોન્ડન્સ કરવામાં આવશે નહી કે સબ લીસી ના કોઇ પણ પ્રકારના પત્રોનો જવાબ કરવા સા.રી.ફ્ર.ડે.કો.લી. બંધાયેલુ રહેશે નહી.

૫૩. રસ્તા પરથી આવતાં જતાં માણસોને આ જગ્યા પર શોપ આવેલ છે તે ખબર પડે તે માટે સા.રી.ફ્ર.ડે.કો.લી.ની સુચના અને પૂર્વ મંજુરી મેળવીને જ જાહેરાતનું બોર્ડ રોડ સાઇડની દીવાલ પર સ્ટ્રકચરલ ચેન્જીસ કર્યા સિવાય ટેકનીકલ વિભાગના અભિપ્રાય અનુસાર અત્રેના વિભાગની સૂચના મુજબ મુકી શકાશે.

૫૪. સદર શોપની પ્રીમાઇસીસમાં ઇલેક્ટ્રીક આઇટમ, પ્લમ્બીંગની આઇટમો વિગેરે જેવા માઇનર રીપેરીંગ વર્કર્સની કામગીરી કરાવવાની જવાબદારી લાઇસન્સીની રહેશે.

૫૫. સદર જગ્યામાં અંદર અગ્નીશામક સામગ્રીની વ્યવસ્થા, તેની રેગ્યુલર ચકાસણી અને મેઇન્ટેનન્સ કરવાની જવાબદારી તેમજ ફાયર એક્સ્ટીગ્વીસર લાઇસન્સીએ સ્વખર્ચે ઇન્સ્ટોલ કરવાના રહેશે અને તેને વર્કીંગ કન્ડીશનમાં રાખવાની જવાબદારી લાઇસન્સીની રહેશે.

૫૬. કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના ટેન્ડર પ્રક્રિયા રદ કરવાનો અધિકાર સા.રી.ફ્.ડે.કો.લી. પાસે આરક્ષિત છે.

૫૭. હયાત કેબીનનું પઝેશન આપવામાં આવશે તેમાં લાઇસન્સી દ્વારા ચકાસણી કરી સિવિલ વર્કની જરૂરી કામગીરી લાઇસન્સીએ સા.રી.ફ.ડે.કો.લી.ના ટેકનીકલ વિભાગના સંકલનમાં રહી કરાવવાની રહેશે. લાઇસન્સ ના ટર્મીનેશન/મુદત પૂર્ણ થયા બાદ શોપની કામગીરી પાછળ કરેલ ખર્ચ લાયસન્સીએ પોતે ભોગવવાનો રહેશે.

૫૮. કોઇપણ દુર્ભાગ્યપૂર્ણ ઘટના કે કોઇ પણ ખાદ્ય પદાર્થ ના લીધે કોઇ પણ વ્યકિત ને નુકશાન થશે તો તે માટે માત્ર લાયસન્સી જવાબદાર રહેશે.

૫૯. દરેક પ્રકારના ટેક્ષ તથા સરકારી ચાર્જીસ લાયસન્સીએ સ્વ-ખર્ચે ચુકવવાના રહેશે.

૬૦. ન્યાયનું કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

ઉપરોક્ત ટેન્ડર/હરાજી અંગેની તમામ વિગતો, સામેલ શરતોથી અમો સુપેરે વિદિત છીએ. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.ની સક્ષમસત્તા દ્વારા લેવાયેલ નિર્ણય મને/અમોને બંધનકર્તા રહેશે જેની સામે મારા/અમારા દ્વારા કોઇપણ વાંધો, ફરિયાદ, કોર્ટ લીટીગેશન કરવામાં આવશે નહી જેની અમો નીચે સહી કરનાર બાંહેધરી આપીએ છીએ.

**અરજદારની સહી/અંગુઠાનું નિશાન**

**તા.**:- ..........................

**સ્થળ**:- ........................

# **એનેક્ષર-એ**

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફે ઉસ્માનપુરા ગાર્ડનમાં આવેલ કુલ બે શોપ્સનો લે-આઉટ

